
# જન્મ-મરણની નોંધણી ચોક્કસ કરાવો





## જન્મ-મરણની નોંધણી ૨૧ દિવસમાં પંચાયતમાં જરૂરથી કરાવો.

## નહીં તો,

## ખર્ચાળ અને લાંબી પ્રક્રિયા કરવી પડશે.

જેમ કે તાલુકા અને મામલતદાર સ્તરે જઈને તમામ દસ્તાવેજો રજૂ કરવા પડશે અને છાપામાં જાહેરાત વગેરે પ્રક્રિયા કરવી પડશે.

જન્મ-મરણ નોંધણી વગર સરકારની કલ્યાણકારી યોજનાઓથી વંચિત રહી જશો. જેમ કે- મરણ પ્રમાણપત્ર (સર્ટિ) ના હોય તો વિધવા પેન્શન ના મળે, જન્મનો દાખલો ના હોય તો આધાર ન બને, બાળકને આંગણવાડી કે શાળામાં દાખલ કરવામાં મુશ્કેલી પડે વગેરે.

જન્મ અને મરણ થયાના ૨૧ દિવસ બાદ કોઈ સંજોગોમાં નોંધણી થયેલ ન હોય તો ૩૦ દિવસની અંદર નિયત લેઈટ ફી સાથે કરાવવી.

### ૩૦ દિવસથી વધુ અને એક વર્ષ સુધી તાલુકા પંચાયત કચેરીથી સર્ટિફિકેટ લેવાની પ્રક્રિયા

૧. તલાટી અને આશાવર્કર પાસેથી દાખલો લઈને એક સોગંદનામુ બનાવવું પડશે.

૨. આ સોગંદનામું ફોર્મ સાથે તાલુકા પંચાયતમાં જમા કરાવવું.

૩. આ પછી સંબંધિત અધિકારી દ્વારા વેરિફિકેશન કરવામાં આવશે.

૪. ત્યારબાદ, તાલુકા કચેરી છાપામાં જાહેરાત માટે નોટીસ નીકાળશે.

૫. અરજીકર્તાનો પરિવાર છાપામાં જાહેરાત આપશે.

૬. આ જાહેરાતનું કટીંગ તાલુકા પંચાયત/મામલતદાર કચેરીમાં રજૂ કરવાનું રહેશે.

૭. જો કોઈ વાંધા અરજી ના હોય તો ૩૦ દિવસ બાદ સર્ટિફિકેટની પ્રક્રિયા શરૂ થશે.

જન્મની અરજી માટે માતાપિતાનું આધાર કાર્ડ અને મરણની અરજી માટે અરજીકર્તાનું આધાર કાર્ડ જરૂરી છે.

**એક વર્ષ પછી સર્ટિ માટે ઉપર જણાવેલી પ્રક્રિયા મામલતદાર શ્રી/ પ્રાંત અધિકારીશ્રીની કચેરીમાં કરવી પડશે.**

ઉન્નતિ

સહયોગ માટે નાગરિક સહયોગ કેન્દ્ર

ભચાઉ – ૯૫૧૦૭૮૬૫૩૯ અને પોશિના – ૬૩૫૧૮૪૫૧૯૯ નો સંપર્ક કરો.